# Launch of India-Bhutan Satellite

# ભારત-ભૂતાન ઉપગ્રહનું પ્રક્ષેપણ

26 નવેમ્બર, 2022

આજે ઈસરોનાં પોલર સેટેલાઇટ લોન્ચ વેહિકલ (પીએસએલવી) દ્વારા ભારત અને ભૂતાન દ્વારા સંયુક્ત રીતે બનાવવામાં આવેલા ઈન્ડિયા-ભૂતાન સેટનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું. પીએસએલવી સી54 દ્વારા ભારતમાં શ્રીહરિકોટા સ્થિત સતિષ ધવન સ્પેસ સેન્ટર પરથી ભારતનાં અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ-06 અને અન્ય ઉપગ્રહો સાથે ઈન્ડિયા-ભૂતાન સેટને અવકાશમાં લઈ જવામાં આવ્યા હતા.

2. ઈન્ડિયા-ભૂતાન સેટનાં પ્રક્ષેપણનાં સાક્ષી બનવા માટે ભૂતાનનાં ઈન્ફર્મેશન અને કમ્યૂનિકેશન્સનાં મંત્રી મહામહિમ લીયોન્પો કર્મા ડોનેન વાંગડીની આગેવાનીમાં ભૂતાનનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે વિશેષ રીતે શ્રીહરિકોટાનો પ્રવાસ કર્યો હતો. એક સપ્તાહની ભારતથી પરિચિત થવાની મુલાકાત પર રહેલા ભૂતાનનાં 18-સભ્યોનું મીડિયા પ્રતિનિધિ મંડળ પણ ઈન્ડિયા-ભૂતાન સેટનાં પ્રક્ષેપણનું સાક્ષી બન્યું હતું.

3. ઉપગ્રહ નિર્માણ અને ચકાસણી પર તેમજ ઉપગ્રહનાં ડેટાનાં પ્રક્રિયાકરણ અને વિશ્લેષણ પર બેંગ્લુરુમાં યુઆર રાવ સેટેલાઇટ સેન્ટર ખાતે તાલીમ પ્રદાન કરીને ભારત દ્વારા ભૂતાનનાં ઈજનેરોની ક્ષમતામાં સહાયતા કરવામાં આવી છે. જે આજે પ્રક્ષેપણ કરવામાં આવેલા કસ્ટમાઈઝ્ડ સેટેલાઇટનાં સહિયારા વિકાસમાં પરિણમી હતી.

4. ભારત-ભૂતાન સેટ ભૂતાનનાં પ્રાકૃતિક સંસાધનોનાં વ્યવસ્થાન માટે ભૂતાનને હાઈ રીઝોલ્યુશન છબીઓ પ્રદાન કરશે.

5. તે પણ યાદ કરવું જોઈએ કે ઓગસ્ટ 2019 માં ભારતનાં વડાપ્રધાન મોદીની ભૂતાનની મુલાકાત દરમિયાન, બન્ને પક્ષોએ ઈસરોની સહાયતાથી બનાવવામાં આવેલ થિમ્પુમાં સાઉથ એશિયા સેટેલાઇટનાં ગ્રાઉન્ડ અર્થ સ્ટેશનનું સંયુક્ત રીતે ઉદ્‌ઘાટન કર્યું હતું.

**નવી દિલ્હી**
**26 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.